ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

વ્યારાના ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ સાથે છેતરપિંડી

ઊંચા વળતરની લાલચ આપી બોરખડીના નીતિન ભારતીએ લાખોનું કૌભાંડ આચર્યું

વ્યારા: વ્યારાના કાનપુરામાં શિક્ષક સાથે લાખો રૂપિયાની ઠગાઈ કરનાર આરોપીએ વ્યારામાં 32 વર્ષીય ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ સાથે પણ 28.67 લાખની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ વ્યારા પોલીસ મથકે નોંધાઈ છે. ત્યારે બોરખડી ગામનાં ભેજાબાજ નીતિન ભારતી દ્વારા આચરવામાં આવેલી લાખોની છેતરપિંડીનો નગરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

મળતી માહિતી મુજબ વ્યારામાં 32 વર્ષીય ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ ધર્મેશભાઈ સીતારામભાઈ કવરીયા (રહે.,29 નારાયણ રેસિડન્સી, કેનાલ મુસા રોડ, કાનપુરા, મૂળ રહે., 2 ગોકુલ નિવાસ શાંતાદેવી રોડ, નવસારી) સાથે પણ બોરખડીના ભેજાબાજ નીતિન ભારતીએ પોતાની કંપનીમાં રોકાણ કરાવી ઊંચા વળતરની લાલચ આપી ફરિયાદી પાસેથી રૂ.29,17,141 પડાવી લીધા હતા, જેમાંથી ફક્ત 50 હજાર જ પરત ચૂકવ્યા હતા. જ્યારે રૂ.28,67,141 અને તે પૈકીના રૂ.22,30,000નું વળતર પણ આજદિન સુધી આરોપી નીતિન ભારતીએ ન આપતાં યુવકે વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે નીતિન ભારતી સામે ગુનો નોંધી જરૂરી તપાસ હાથ ધરી છે.

નિઝરના સુલવાડા-વ્યાવલ નજીક તાપીમાં રેતીખનન, 11 બોટ કબજે

ખાણ-ખનીજ વિભાગની ટીમનું તાપી નદીના પટમાં સરપ્રાઈઝ ચેકિંગ

જપ્ત કરાયેલી બોટો વાંકા ચેકપોસ્ટ ખાતે ખસેડવામાં આવી



કુકરમુંડા: તાપી જિલ્લામાં ગેરકાયદે રેતીખનન સામે ખાણ-ખનીજ વિભાગ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. તાપી કલેક્ટરના માર્ગદર્શન હેઠળ તા.૫/૧૧/૨૦૨૬ના રોજ નિઝરના સુલવાડા-વ્યાવલ ગામ નજીકથી પસાર થતી તાપી નદીના પટમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તાપી કલેક્ટરની સૂચના અને ભૂસ્તરશાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ ખાણ-ખનીજ વિભાગની ટીમે તાપી નદીના પટમાં ચાલી રહેલી સાદી રેતીના બિનઅધિકૃત ખનનની પ્રવૃત્તિ સામે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી ગેરકાયદે રેતીનું ખનન કરવા માટે ઉપયોગમાં લેવાતી કુલ ૧૧ યાંત્રિક બોટ જપ્ત કરવામાં આવી હતી. જપ્ત કરવામાં આવેલી તમામ ૧૧ બોટને આગળની કાર્યવાહી માટે વાંકા ચેકપોસ્ટ ખાતે રાખવામાં આવી છે. ખાણ-ખનીજ વિભાગ દ્વારા ગેરકાયદે ખનન અને રેતીના વહન સાથે સંકળાયેલાં તત્ત્વો સામે કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ આવી બિનઅધિકૃત પ્રવૃત્તિઓ સામે તપાસ અને કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેવી ચેતવણી ભૂસ્તરશાસ્ત્રી દ્વારા આપવામાં આવી છે. આ કાર્યવાહીથી રેતીના ગેરકાયદે ખનન સાથે સંકળાયેલાં તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.

નાંદોલામાં સિંચાઈનું પાણી ફરી વળતાં ખેડૂતના ડાંગરને નુકસાન

છેલ્લાં ત્રણ વર્ષથી નાંદોલા તળાવ ઓવરફ્લો થવાની સમસ્યાથી ખેડૂત ત્રસ્ત



વાંકલ: માંગરોળના નાની ફળી ગામના પ્રગતિશીલ ખેડૂત વસંતભાઈ બીમાસિયાભાઈ ચૌધરીના ખેતરમાં ગોડધા ઉદવહન સિંચાઈ યોજનાનું પાણી નાંદોલા તળાવમાં ઠાલવવામાં આવતું હોવાથી દર વર્ષે ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે. તળાવ ઓવરફ્લો થવાને કારણે પાણી સીધા વસંતભાઈના ખેતરમાં ફરી વળે છે. જેના કારણે તૈયાર ડાંગરના પાકને ભારે નુકસાન પહોંચ્યું છે.

પીડિત ખેડૂત વસંતભાઈ ચૌધરીએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ સમસ્યા છેલ્લાં ત્રણ વર્ષથી સતત મુશ્કેલી ઊભી કરી રહી છે. અગાઉના વર્ષે તલના પાકને નુકસાન થયું હતું અને ચાલુ વર્ષે જ્યારે ડાંગર કાપવાનો સમય થયો છે, ત્યારે જ ખેતરમાં સિંચાઈનું પાણી ભરાઈ જવાથી પાક લેવામાં મોટી મુશ્કેલી ઊભી થઈ છે.

આ અંગે અગાઉ અનેકવાર મૌખિક રજૂઆતો કરવા છતાં તેમજ મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયતમાં લેખિત અરજીઓ આપવા છતાં તંત્ર દ્વારા કોઈ જ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી. સિંચાઈ વિભાગના અધિકારીઓ પણ આ બાબતે યોગ્ય જવાબ આપવાનું ટાળી રહ્યા છે.

બારડોલીમાં દારૂના અડ્ડા પર દરોડો

બારડોલી: બારડોલીના માતા ફળિયામાં ચાલતા વિદેશી દારૂના અડ્ડા પર બારડોલી ટાઉન પોલીસે સપાટો બોલાવ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી દારૂ પીવા આવેલા ચાર ગ્રાહકો સલમાન શેખ, રાહુલ કોંકણી, દેવેન્દ્રકુમાર ચૌધરી અને રાજુભાઈ રાઠોડની અટકાયત કરી હતી. જોકે, દારૂનું પીઠું ચલાવતા મુખ્ય લિસ્ટેડ બુટલેગર રાજુભાઈ રાઠોડ અને આકાશ રાઠોડ પોલીસને ચકમો આપી ભાગી છૂટતાં તેમને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે પતરાના શેડ તેમજ ઘરમાંથી રૂ.૪૪,૪૬૮ની કિંમતની વિદેશી દારૂની ૨૭૫ બોટલ, વેચાણના રોકડા રૂ.૬,૫૦૦ અને લાઈટ બિલ મળીને કુલ રૂ.૫૦,૯૬૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. દારૂ પીવા માટે પાસ પરમિટ ન ધરાવતા ઝડપાયેલા તમામ આરોપીઓ સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

તાંતીથૈયામાં મકાન પચાવી પાડનાર દંપતીનો આતંક

મકાન માલિકની પત્ની અને દીકરીને માર મારી હત્યાની ધમકી

પલસાણા: તાંતીથૈયાની દેવ પૂજા રેસિડેન્સીમાં મકાન પચાવી પાડવાનો અને માર મારવાનો કિસ્સો સામે આવ્યો છે.

મૂળ બિહાર અને હાલ તાંતીથૈયાની દેવ પૂજા રેસિડેન્સીમાં બ્લોક નં.૨૩૯, ઘર નં.૩૮(A)માં રહેતા ૪૬ વર્ષીય રાકેશ માના ચૌધરી ટેમ્પો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. વર્ષ-૨૦૨૪માં તેમણે I.D.F.C FIRST બેંક પાસેથી આ સીલ થયેલું મકાન ખરીદ્યું હતું. મકાન ખરીદ્યા બાદ તેઓ દીકરીના લગ્ન માટે ઘરને તાળું મારી વતન ગયા હતા, ત્યારે તેમના જ ગામના પરિચિત ઈન્દુદેવી અને તેમના પતિ અજીતકુમાર ચંદ્રશેખર ચૌધરી તેમના ઘરમાં ગેરકાયદે રીતે રહેવા આવી ગયા હતા. રાકેશભાઈએ પરત આવી મકાન ખાલી કરવાનું કહેતા આરોપીઓએ દાદાગીરી કરી મકાન ખાલી કરવાનો ઈનકાર કર્યો હતો. જેના કારણે રાકેશભાઈ પરિવાર સાથે આગળના રૂમમાં અને આરોપીઓ પાછળના રૂમમાં રહેતા હતા. આ મામલે કલેક્ટર કચેરીમાં લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ પણ ચાલી રહી છે.

ગત તા.૩/૧૧/૨૦૨૬ના રોજ રાત્રે ૯:૪૫ વાગ્યાના અરસામાં, જ્યારે રાકેશભાઈ કામ અર્થે સુરત ગયા હતા, ત્યારે ઘરમાં રહેતા અજીતકુમાર અને તેમની પત્ની ઈન્દુદેવીએ રાકેશભાઈની પત્ની અને ૧૪ વર્ષીય દીકરી પ્રિતીને ઢીકમુક્કીનો માર માર્યો હતો. આરોપીઓએ ઘરમાંથી નીકળી જાઓ નહીંતર બધાને જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપી હતી. રાકેશભાઈ ઘરે પહોંચ્યા ત્યારે આરોપીઓએ તેમને પણ અપશબ્દો કહી ઘરમાંથી નીકળી જવાની અને મારી નાંખવાની ધમકી આપી હતી. આ હુમલામાં દીકરી પ્રીતીને ચહેરા અને કમરના ભાગે ઈજા થતાં તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સુરતની સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ બનાવ સંદર્ભે રાકેશ ચૌધરીએ તા.૫/૧૧/૨૦૨૬ના રોજ અજીતકુમાર ચૌધરી અને ઈન્દુદેવી અજીતકુમાર ચૌધરી સામે ફરિયાદ નોંધાવી છે.

પલસાણામાં બિલ્ડિંગ પરથી કૂદીને આધેડનો આપઘાત

પલસાણા: મૂળ ઉત્તર પ્રદેશના જાલોનના રામપુરા થાના વિસ્તારના ઉમરીગામના વતની રાજેન્દ્ર બચુલાલ દોહરે (ઉ.વ.૫૨) પલસાણામાં આવેલી શ્રીનિવાસ સોસાયટીની સાંઈ સિદ્ધિ બિલ્ડિંગમાં રૂમ નં.૪૧૨માં પરિવાર સાથે રહેતા હતા. ગત પમી નવેમ્બરના રોજ સાંજના સવા છ વાગ્યાના અરસામાં રાજેન્દ્રભાઈ અગમ્ય કારણોસર પોતાની જ બિલ્ડિંગ પર ચડી ગયા હતા અને ત્યાંથી અચાનક નીચે પડતું મૂક્યું હતું. બિલ્ડિંગ પરથી નીચે પટકાતાં ગંભીર ઈજાને પગલે રાજેન્દ્રભાઈનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટના સંદર્ભે મરણ જનારની પત્ની રાનીદેવીએ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં જાણ કરી હતી. પોલીસે રાત્રે સાડા આઠ વાગ્યે ઘટનાની વિધિવત નોંધ કરી હતી.


દિવાળી ટાણે જ અંકલેશ્વર GIDCમાં ઔદ્યોગિક લાલ દૂષિત પાણીની ધુળેટી!

ઔદ્યોગિક વસાહતમાં પર્યાવરણની જાળવણી માટે કાયમી અને ટકાઉ વ્યવસ્થા ક્યારે અમલી બનશે?

અંકલેશ્વર: દિવાળીના તહેવારના માહોલ વચ્ચે અંકલેશ્વર જીઆઈડીસી એસ્ટેટમાં ઔદ્યોગિક લાલ દૂષિત પાણીની ધુળેટી જોવા મળી રહી છે. પરમ દિવસે AWMLની લાઈનમાં એકાએક લીકેજ થતાં ઔદ્યોગિક લાલ રંગના દૂષિત પાણીના ફુવારા ઊડ્યા હતા. આ ઘટનાને પગલે ઔદ્યોગિક વસાહતમાં દૂષિત પાણીના નિકાલ અને લાઈનની સલામતી અંગે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે.

AWMLની લાઈનમાં લીકેજની ઘટના બાદ આજે પણ નોટિફાઈડ ઓથોરિટી દ્વારા ઔદ્યોગિક લાલ દૂષિત પાણીને લિફ્ટ કરી પમ્પિંગ સ્ટેશન ખાતે નિકાલ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. બીજી તરફ ડીટોક્સ કંપનીની પાછળ આવેલી વરસાદી પાણીના નિકાલની કાંસમાં આ લાલ રંગનું દૂષિત પાણી દૂર સુધી ફેલાયેલું જોવા મળી રહ્યું છે. જેના કારણે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અને પર્યાવરણ પર થતી સંભવિત અસરો અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે.

નોંધનીય છે કે, અગાઉ ETLની ટાંકી ફાટવાની ઘટનાએ સમગ્ર ઔદ્યોગિક વસાહતમાં



ચકચાર મચાવી હતી અને હવે AWMLની લાઈનમાં લીકેજની ઘટના સામે આવી છે. એક પછી એક બનતી આવી ઘટનાઓ ઔદ્યોગિક વસાહતમાં પર્યાવરણીય વ્યવસ્થાપન અને માળખાકીય સલામતીની ટકાઉપણાની જરૂરિયાતને ઉજાગર કરે છે.

હવે સંબંધિત તંત્ર AWML અને નોટિફાઈડ ઓથોરિટી દ્વારા આ ઘટનાની ગંભીરતાથી તપાસ કરવામાં આવે, વરસાદી કાંસમાં ફેલાયેલા દૂષિત પાણીના નમૂના લઈ ગુણવત્તાની ચકાસણી કરાય તેમજ AWMLની સમગ્ર લાઈન અને તેના સપોર્ટિંગ સ્ટ્રક્ચરનું ટેક્નિકલ ઓડિટ કરાય તેવી માંગ ઊઠી છે. પહેલા ETL અને હવે AWML, આખરે અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં પર્યાવરણની જાળવણી માટે કાયમી અને ટકાઉ વ્યવસ્થા ક્યારે અમલી બનશે? દિવાળીના તહેવાર ટાણે સામે આવેલી આ ઘટના ઔદ્યોગિક વિકાસની સાથે પર્યાવરણીય જવાબદારી નિભાવવાની પણ યાદ અપાવે છે.

સંક્ષિપ્ત સમાચાર

નિઝરમાં જાહેરમાં જાતિ વિષયક અપશબ્દો બોલી હત્યાની ધમકી

કુકરમુંડા: નિઝર તાલુકામાં જાહેરમાં જાતિવિષયક અપમાનજનક શબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદના આધારે નિઝર પોલીસે એક શખ્સ વિરુદ્ધ એટ્રોસિટી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. નિઝર તાલુકાના અશોકભાઈ શંકરભાઈ સામુદ્રે (ઉ.વ.55) (રહે.,વ્યાવલ ગામ, આંબેડકર ફળિયું)એ નિઝર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તા. 17/09/2026ના રોજ નિઝર સરકારી હોસ્પિટલના ખાતમુહૂર્તનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તેઓ હોસ્પિટલની બહાર નીકળતા હતા. દરમિયાન દેવાળા ગામના અને હાલ મહારાષ્ટ્રના નંદુરબારમાં રહેતા તેમજ નિઝર એપીએમસીના ચેરમેન અને સુમુલ ડેરીના ડિરેક્ટર યોગેશભાઈ ચુનીલાલભાઈ રાજપૂતે સુમુલ ડેરીની ચૂંટણીમાં વધુ રસ લેવા બાબતે મનદુઃખ રાખી જાહેરમાં જાતિવિષયક અપમાનજનક શબ્દો બોલી અપમાનિત કર્યા હતા. વધુમાં આરોપી યોગેશભાઈએ ફરિયાદીને ગામમાંથી ભગાડી દેવાની, આર્થિક રીતે પાયમાલ કરવાની તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે નિઝર પોલીસે તા.5/11/2026ના રોજ ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વિવિધ કલમો મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નવા તવરા ગામે શેરડીના ખેતરમાં આગ

ભરૂચ: ભરૂચના નવા તવરા ગામે મોડી રાત્રે શેરડીના ખેતરમાં વિકરાળ આગ લાગતાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. ખેડૂતે ભારે પરિશ્રમથી શેરડીનો પાક ઊભો કર્યા બાદ દિવાળી પહેલાં આગ ફાટી નીકળતાં તેઓ નોંધારા થઈ ગયા હતા. આગમાં શેરડીનો ઊભો પાક બળી ગયો હતો અને ખેડૂતને ભારે આર્થિક નુકસાન થયું હતું. બનાવની જાણ સ્થાનિકોએ ફાયર બ્રિગેડ તેમજ ભાજપના જિલ્લા મહિલા ઉપપ્રમુખ હંસાબેન પટેલને કરી હતી. ફાયર બ્રિગેડના ત્રણ ફાયર ફાઇટર ઘટના સ્થળે પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. આગ બીજાં ખેતરોમાં ન ફેલાય તે માટે ગ્રામજનોએ ટ્રેક્ટર વડે ખેતર ખેડી નાંખ્યું હતું. ખેતરના બે ભાગ થતાં આગનો ફેલાવો અટકાવવામાં મદદ મળી હતી. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

રાજ્ય કક્ષાની અંડર-૧૭ સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં અંકલેશ્વરનું ગૌરવ



ભરૂચ: SGFI (સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા)ની રાજ્ય કક્ષાની અંડર-૧૭ ભાઈઓની સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં જિમખાના અંકલેશ્વર ટેનિસ એકેડમીના બે ખેલાડીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. જે ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ ગુજરાત રાજ્યની ટીમમાં પસંદગી કરવામાં આવી છે. પસંદગી પામેલા ખેલાડીઓમાં વ્રજ કે.પટેલ અને એરિક કે.પરમારનો સમાવેશ થાય છે. વિશેષ ગૌરવની વાત એ છે કે, વ્રજ કે.પટેલની સતત ત્રીજા વર્ષે ગુજરાત રાજ્યની ટીમમાં પસંદગી થઈ છે. જ્યારે એરિક કે. પરમારની સતત બીજા વર્ષે ગુજરાતની ટીમમાં પસંદગી થઈ છે. બંને ખેલાડી હવે મધ્યપ્રદેશના દેવાસ ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની SGFI અંડર-૧૭ સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહ્યા છે.

અટોદરા ગામમાં આધેડે ફાંસો ખાધો

સાયણ: અટોદરા ગામે રહેતા ૪૪ વર્ષીય ઇમરાન ગુલામ મિરઝાએ ગત ગુરુવારે બપોરે સીલિંગ પંખાના હૂક સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પિતાને આ અંગે જાણ થતાં તેમણે ઓલપાડ પોલીસને જાણ કરી હતી. મૃતકે અગમ્ય કારણસર આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે, ત્યારે ઓલપાડ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

યુપીએલ યુનિવર્સિટીએ બે સંશોધકને પીએચ.ડી.ની પદવી એનાયત કરી



ભરૂચ: યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી દ્વારા સંશોધન ક્ષેત્રે બે સંશોધન વિદ્વાનોને ડોક્ટર ઓફ ફિલોસોફી (પીએચ.ડી.)ની પદવી એનાયત કરવા પાત્ર જાહેર કરવામાં આવી છે. યુનિવર્સિટીની પરીક્ષા સમિતિ સમક્ષ નિયુક્ત પરીક્ષકોના અહેવાલો પ્રાપ્ત થયા બાદ યુનિવર્સિટીએ બંનેના સંશોધન કાર્યને સ્વીકારી પીએચ.ડી.ની પદવી માટે જાહેર કર્યા છે. કેમિસ્ટ્રી વિભાગના સંશોધન વિદ્વાન દેસાઈ વિધિ વલ્લભજીભાઈએ "Studies on Synthesis of Novel 6-FluoroChromane-Based Heterocyclic Derivatives Containing Amide Linkage as Potential Antimicrobial Agents" વિષય પર સંશોધન કર્યું છે. આ સંશોધન સંભવિત એન્ટિમાઇક્રોબિયલ એજન્ટ તરીકે ઉપયોગી બની શકે તેવા એમાઇડ ધરાવતા નવા 6-Fluoro chromane આધારિત હેટેરોસાયક્લિક ડેરિવેટિવ્સના સંશ્લેષણ પર કેન્દ્રીત છે. તેમણે તેમનું સંશોધન કેમિસ્ટ્રી વિભાગના ડો. નિખિલ પારેખના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું હતું. કેમિકલ એન્જિ.વિભાગના સંશોધન વિદ્વાન રિલેશ મહેન્દ્ર મહેતાએ "Thermal Degradation of Organic Waste from a Process Industry" વિષય પર સંશોધન કાર્ય પૂર્ણ કર્યું છે. આ સંશોધન પ્રક્રિયા ઉદ્યોગમાંથી ઉત્પન્ન થતા જૈવિક કચરાના તાપીય વિઘટનના અભ્યાસ સાથે સંબંધિત છે. તેમણે તેમનું મુખ્ય માર્ગદર્શક ડો. અલોક ગૌતમ, પ્રોફેસર, યુપીએલ યુનિવર્સિટી અને સહ-માર્ગદર્શક ડો. શિના ગૌતમ, એસોસિયેટ પ્રોફેસર, HBTU, કાનપુરના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે.

સંક્ષિપ્ત સમાચાર

ભરૂચ જિલ્લા જેલના ત્રણ કેદીના 15 દિવસના પેરોલ મંજૂર



ભરૂચ: દિવાળીના તહેવાર નિમિત્તે ભરૂચ જિલ્લા જેલમાં સજા ભોગવી રહેલા ત્રણ પાકા કામના કેદીઓને પરિવાર સાથે તહેવાર ઉજવવાનો લ્હાવો મળ્યો છે. રાજ્ય સરકારની જોગવાઈ અંતર્ગત ત્રણેય કેદીને 15 દિવસની પેરોલ રજા મંજૂર કરવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટના હુકમ અનુસાર 6 નવેમ્બરે તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા કેદીઓના કલ્યાણ અને સામાજિક પુનઃસ્થાપનના હેતુથી વિશેષ નિર્ણય લેવામાં આવ્યો છે, જે અંતર્ગત નિયમો અને શરતોને આધીન મહિલા કેદીઓ તેમજ 60 વર્ષ કે તેથી વધુ વયના પુરુષ કેદીઓને 15 દિવસની પેરોલ રજા આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ નિર્ણયના ભાગરૂપે ભરૂચ જિલ્લા જેલના ત્રણ કેદીને પણ પેરોલનો લાભ મળ્યો છે. જેલના ઈનચાર્જ અધિક્ષક એન.પી.રાઠોડે તેમને દિવાળી અને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. લાંબા સમયથી પરિવારજનોથી દૂર રહેતા આ કેદીઓ પેરોલ મળતાં ભાવુક બની ગયા હતા.

ઉચ્છલના હનુમાન ફળિયાની આંગણવાડી મુદ્દે મામલતદારને આવેદન



વ્યારા: ઉચ્છલ તાલુકાના હનુમાન ફળિયાના ગ્રામજનોએ જર્જરિત આંગણવાડી મુદ્દે તાલુકા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. ગ્રામજનોના જણાવ્યા મુજબ હાલની આંગણવાડી ખૂબ જર્જરિત હોવાથી નવી મંજૂર કરવી જરૂરી છે. તંત્ર દ્વારા આંગણવાડી અન્ય વિસ્તારમાં ખસેડવાની હિલચાલ થતાં ગ્રામજનોએ વિરોધ દર્શાવ્યો છે. તેમનું કહેવું છે કે જગ્યા બદલાતાં નાનાં બાળકોના શિક્ષણને નુકસાન થશે. જેથી મૂળ જગ્યાએ જ નવું મકાન બનાવવાની માંગ કરાઈ છે. જો માંગણી નહીં સંતોષાય તો શાંતિપૂર્ણ રેલી અને આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

ઓલપાડના ટુંડા ગામની પરિણીતાએ ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

સાયણ: ઓલપાડના ટુંડા ગામે ટુંડા ગામના મોર ફળિયામાં અશોકભાઇ હસમુખભાઇ પટેલ (ઉ.વ.૪૨)નો પરિવાર રહે છે. નોકરી કરતાં અશોકભાઇની પત્ની પ્રભાવતીબેન (ઉ.વ.૪૦)એ તેના પતિને દિવાળી વેકેશનમાં ફરવા માટે લઈ જવા જીદ કરી હતી. પરંતુ પતિએ પોતાની પાસે હાલ પૈસાની સગવડ ન હોવાનું કહી આ વેકેશનમાં પ્રવાસમાં ન જવા કહ્યું હતું. જેથી પ્રભાવતીબેનને ખોટુ લાગી આવતાં તેણે ઝાડ સાથે ફાંસો ખાધો હતો. જે બાબતની જાણ થતાં તેને સારવાર અર્થે સુરતના રાંદેરની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

ભરૂચમાં ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો



ભરૂચ: ભરૂચ પેરોલ ફર્લો સ્ક્વોડને બાતમી મળી હતી કે, અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસમાં વર્ષ-૨૦૨૩ (પ્રોહિબિશન એક્ટ ગુનામાં સંડોવાયેલા છેલ્લાં ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપી એહમદ રજા મોહમદ અજહરૂદીન ચૌગુલે (મૂળ રહે.,૧૧૯૨/૭, રૂમ નં-૧૦૨, એ-વિંગ શરીફ એપાર્ટમેન્ટ, ચોથા માળે, નિઝામપુરા, ભીવંડી, જિ.થાણે, મહારાષ્ટ્ર) હાલ બાલા કમ્પાઉન્ડ, મુન્ના શેઠની બિલ્ડિંગમાં, ત્રીજા માળે, નિઝામપુરા, ભીવંડી, જિ.થાણે, મહારાષ્ટ્ર ખાતે હાજર છે. બાતમીના આધારે પેરોલ ફર્લો સ્ક્વોડની એક ટીમે ચોવીદ્યા નિઝામપુરા ખાતે તપાસમાં જઈ ઝડપી પાડ્યો છે. આરોપી સામે કાયદેસર કાર્યવાહી કરી અંકલેશ્વર બી ડિવિઝનમાં સોંપવામાં આવ્યો હતો.

પરીઆમાં ઝેર પી શ્રમિકની આત્મહત્યા

સાયણ: ઓરિસ્સાના ગંજામનો ૧૯ વર્ષીય શ્રમિક રાજેશ સ્વાઈન પરીઆ ગામની રંગ અવધૂત સોસાયટીમાં રહેતો હતો. ટેક્સટાઇલ યુનિટમાં કામ કરતા રાજેશે ગત ગુરુવારે રાત્રે અગમ્ય કારણસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તેને જીવનરક્ષા હોસ્પિટલ બાદ સારવાર માટે સુરતની સ્મીમેર હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન રાત્રે ૧૦:૪૫ વાગ્યે તેનું મોત નીપજ્યું હતું. મૃતકની માતાની જાણ બાદ ઓલપાડ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સાંધીએર ગામમાં આદિવાસી મહિલાઓને સાડીનું વિતરણ કરાયું



સાયણ: ઓલપાડ તાલુકા ભાજપ સંગઠન દ્વારા સાંધીએર ગામના સરપંચ મેહુલ આહીરના સહકારથી આદિવાસી સમાજની મહિલાઓને સાંસદ મુકેશભાઈ દલાલના હસ્તે સાડીનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ઓલપાડ તા.પં. ની સાંધીએર સીટના સદસ્ય ધર્મેશ પટેલ, ભાજપ સંગઠન મહામંત્રી રાજ પટેલ, ગામના આદિવાસી નેતા અર્જુન રાઠોડ સહિત તેમની ટીમ ઉપસ્થિત રહી હતી.

સાયણ ગ્રા.પં.ની મહિલા સરપંચના હસ્તે નવીન સ્ટ્રીટ લાઈટનું લોકાર્પણ



સાયણ: સાયણ ટાઉનના સુગર રોડ ઉપર ગામની મહિલા સરપંચ ભાવનાબેન પટેલના હસ્તે નવીન સ્ટ્રીટ લાઈટની ઈલેક્ટ્રિક પેનલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેના પગલે ઉજાસના પર્વ દિવાળીના તહેવાર પૂર્વે રોડ ઉપર અજવાળું પથરાતાં મુસાફરો અને ગ્રામજનોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. અંધારામાં સાયણ સુગર રોડ પરથી પસાર થતી શેરડી ભરેલી ટ્રકો ઉપરાંત કીમ તરફથી આવતાં-જતાં વાહનોથી ટ્રાફિક સમસ્યાના કારણે આ રોડ અકસ્માતની ઘટનાથી રાહદારીઓ અને વાહન ચાલકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. જે સમસ્યા હલ કરવા ગામની મહિલા સરપંચ ભાવનાબેન મનીષભાઈ પટેલે ધારાસભ્ય મુકેશભાઈ પટેલને રજૂઆત કરી હતી. ધારાસભ્યએ સરકારી ગ્રાન્ટમાંથી સાયણ સુગર તરફ જતા ત્રણ રસ્તાથી સુગર સુધીના ફોરલેન વચ્ચે વીજ પોલ ઊભા કરી બંને બાજુ સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરાવી ઉજાસ પાથરવાનું કામ શરૂ કરાવ્યું હતું. જે કામ દિવાળીના પર્વ સમયે પૂર્ણ થતાં ગામની મહિલા સરપંચ ભાવનાબેન પટેલે લાઈટનો શુભારંભ કર્યો હતો.